કોંગીની બેટી બચાવો યાત્રા પર પથ્થરમારો

કચ્છ અસ્તિમા મંચ અને કોંગ્રેસના કાર્યકરો આમને સામને આવ્યા : વાઘેલા સામે વિરોધ પ્રદર્શન : બેટી બચાવો યાત્રામાં કોંગીના વરિષ્ઠ નેતાઓ જોડાયા

અમદાવાદ, તા.૧૮

સમગ્ર રાજ્યને હચમચાવી મુકનાર નલિયા સામુહિક દુષ્કર્મ કાંડના મામલામાં ઉંડી તપાસનો દોર હજુ પણ ચાલી રહ્યો છે ત્યારે આ મુદ્દા ઉપર રાજનીતિ પણ શરૂ થઈ ચુકી છે. નલિયા કાંડને લઈને કોંગ્રેસ દ્વારા નલિયાથી બેટી બચાવો યાત્રા શરૂ કરવામાં આવી છે. વિજય રૂપાણી સરકાર ઉપર દબાણ વધારવાના હેતુસર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી બાજુ કોંગ્રેસની બેટી બચાવો યાત્રા ઉપર આજે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. સાથે સાથે રેલીને લઈને વિરોધ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

ગાંધીધામ રોટરી સર્કલ નજીક કોંગ્રેસની યાત્રાને રોકવામાં આવી હતી. કોંગ્રેસની બેટી બચાવો યાત્રા આગામી દિવસોમાં પણ જારી રહેનાર છે. સોમવારથી વિધાનસભાનું બજેટસત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસે નલિયા કાંડની તપાસ હાઈકોર્ટના સીટીંગ જજ અથવા તો નિવૃત્ત જજ પાસે કરાવવાની માંગ કરી છે. આ અંગે કોંગ્રેસે રાજ્યપાલને રજુઆત પણ કરી છે. નલિયાકાંડમાં ભાજપના નેતાઓની સંડોવણીને લઈને ભાજપની પોલ ખોલવા તથા યોગ્ય તપાસ અને ન્યાયની માંગ સાથે કોંગ્રેસ દ્વારા આજે નલિયાથી ગાંધીનગર સુધી બેટી બચાવ યાત્રા શરૂ કરવામાં આવી છે. જોકે શંકરસિંહ વાઘેલાના નિવેદનને લઈને કચ્છ અસ્મિતા મંચ દ્વારા વિરોધ કરાયો હતો. જેને પગલે અસ્મિતા મંચ અને કોંગ્રેસના કાર્યકરો આમને સામને આવી ગયા હતા. દરમિયાન કોંગી નેતા શંકરસિંહ વાઘેલાએ ભાજપ સરકાર પર ચાબખાં મારતાં કહ્યું હતું કે, આ નલિયાકાંડ નહીં પણ ભાજપકાંડ છે. ભાજપે કચ્છને ખરીદી લીધુ હોય તેવું વર્તન થઈ રહ્યું છે. ભાજપ ભુલી રહ્યો છે કે, ગાંધીનગરમાં બેઠેલી સરકાર ઉભી કરવામાં ભુજનું યોગદાન ઘણુ મહત્વનું રહ્યું છે.

જોકે યાત્રામાં હંગામો થયો છે અને અસ્મીતા અંગે કોંગીની પદયાત્રા અટકાવી છે અને કાળા વાવટા ફરકાવ્યા છે. મંચના કાર્યકરોએ અર્જુન મોઢવાડીયા સહિતના નેતાઓનો ઘેરાવ કર્યો હતો અને એક તબક્કે પોલીસ તથા કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું છે. શંકરસિંહે વધુમાં જણાવ્યું હતું કે મોદી સત્તા મેળવવા માટે સતત જુઠ્ઠુ જ બોલી રહ્યા છે પરંતુ કોંગ્રેસ તેનો વિરોધ કરવાનું ચાલુ જ રાખશે. ભાજપના ભાડુતી ટટ્ટુથી જે થાય તે કરી લ્યે. કોંગ્રેસ આવતીકાલનો શાસકપક્ષ છે તેથી તે તેની ફરજ બજાવશે જ. કચ્છ માટે ઘસાતુ બોલનારની જીભમાં લકવો મારી જશે. આ ઉપરાંત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ભરતસિંહ સોલંકી, શક્તિસિંહ ગોહિલ, શોભા ઓઝા, માજી પ્રમુખ અર્જુન મોઢવાડીયા, સિદ્ધાર્થ પટેલ સહિતનાઓ પણ ભાજપને આડેહાથ લીધી હતી. શંકરસિંહ વાઘેલા સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે. દેખાવકારોએ કચ્છને બદનામ કરવાનું બંધ કરવા અને કચ્છની માફી માંગવા વાઘેલાને સૂચન કર્યું હતું. કોંગ્રેસને ઘણી જગ્યાઓએ આક્રોશનો સામનો કરવો પડ્યો છે. બીજી બાજુ નલિયા કાંડને લઈને ભાજપ ઉપર પણ દબાણ વધી ગયું છે. વિધાનસભાની ચૂંટણી આડે વધારે સમય રહ્યો નથી ત્યારે ભાજપ સરકાર સામે જુદા જુદા મુદ્દાઓ ઉપસ્થિત થઈ રહ્યા છે. નલિયાકાંડને લઈને પણ ભાજપના નેતાઓએ પર પ્રશ્નો ઉઠી રહ્યા છે. ગુજરાત વિધાનસભાના બજેટસત્ર દરમ્યાન કોંગ્રેસ આ મુદ્દો ઉઠાવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

બેટી બચાવો યાત્રાને લઈ મજબૂત સુરક્ષા ગોઠવાઈ

નલિયા દુષ્કર્મ કાંડના મામલામાં કોંગ્રેસે બેટી બચાવો યાત્રા શરૂ કરી દીધી છે. યાત્રાનો નલિયાથી પ્રારંભ થયો ત્યારે મોટી સંખ્યામાં પોલીસ જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. યાત્રા દરમ્યાન કોઈપણ પ્રકારની હિંસા ન થાય તે માટે સેંકડો પોલીસ જવાનો ગોઠવી દેવામાં આવ્યા હતા. યાત્રા શરૂ થાય તે પહેલા જ ભાજપના કાર્યકરો દ્વારા યાત્રાનો વિરોધ કરાયો હતો. યાત્રાને લઈને કોંગ્રેસના ભરતસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા, સિદ્ધાર્થ પટેલ સહિતના આગેવાનો પહોંચી ગયા હતા. શંકરસિંહ વાઘેલાએ ભાજપ ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે ભાજપે કચ્છને લૂટ્યું છે. આ નલિયાકાંડ નહીં ભાજપકાંડ છે. કચ્છનો ગૌરવશાળી ઈતિહાસ કલંકિત થાય તે રીતે ભાજપના નેતાઓએ નલિયામાં એક દિકરી પર અત્યાચાર કર્યો છે. કચ્છમાં આજે પણ સ્ત્રી સન્માનની પરંપરા કચ્છી માંડુમાં રહેલી છે. ભાજપના નેતાઓનું માથું શરમથી ઝુકી જવું જોઈએ. ૨૦મીએ ગાંધીનગરમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કૂલમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ. જેમાં ધો. ૬ થી ૮ની કુલ ૧૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત યોજાઈ હતી. આ વક્તૃત્વ સ્પર્ધામાં અત્યારે વૈશ્વિક અને રાષ્ટ્રીય સમસ્યાઓનો સામનો કરી રહેલા મુખ્ય વિષયો જેમ કે ગ્લોબલ વોર્મિંગ, સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને ઈતિહાસનો અભ્યાસ શા માટે ? આ વિષયો ઉપર વિદ્યાર્થીનીઓએ પોતાની વક્તૃત્વ રજૂ કર્યુ હતુ. જેમાં ઝાલા જાનકી ધો. ૮-ઈ પ્રથમ, પારેખ મૈત્રી દ્વિતીય અને પ્રજાપતિ આન્સી તૃતીય નંબર મેળવી વિજેતા બનેલ. આ પ્રસંગે શાળાના આચાર્યા નીરૂબેન પટેલે વિજેતા બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

નલીયાકાંડ મુદ્દે કોંગ્રેસની રેલીને પોલીસ સુરક્ષા આપવા માંગ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના કચ્છ જિલ્લાના નલીયામાં થયેલા મહિલા દુષ્કર્મ કેસને અનુલક્ષીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તા. ૨૦મી ફેબ્રુઆરીએ ગાંધીનગરમાં વિરોધ પ્રદર્શન રેલીનું આયોજન કરવામાં આવ્યુંછે. આ રેલીમાં પ્રદેશ કોંગ્રેસના ટોચના નેતાઓ સહિત રાજ્યના અગ્રણી હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો જોડાનાર છે જેને અનુલક્ષીને સુરક્ષા પુરી પાડવા પોલીસ બંદોબસ્તની માંગણી કરાઈ છે.

નલીયાકાંડ મુદ્દે કોંગ્રેસે આક્રમક વલણ અખત્યાર કર્યુ છે. આ અંગે તા. ૨૦મી ફેબ્રુઆરીએ ગાંધીનગરના સે. ૬માં સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનાર વિરોધ પ્રદર્શન રેલીમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતભાઈ સોલંકી, વિધાનસભાના વિરોધ પક્ષના નેતા સંકરસિંહ વાઘેલા સહિત કોંગ્રેસી સંસદસભ્યો તથા ધારાસભ્યો ઉપસ્થિત રહેશે. આ સાથે મોટી સંખ્યામાં હોદ્દેદારો તથા કાર્યકરો તેમજ સામાન્ય જનતા આ રેલીમાં જોડાશે તેથી રેલીમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેમજ સમગ્ર જનતાની સુરક્ષા સાથે શાંતિ જળવાય તે હેતુથી પોલીસ બંદોબસ્તની માંગણી કરવામાં આવી છે. આ બાબતે કોંગ્રેસ પ્રેરિત ગાંધીનગર જિલ્લા ગ્રાહક સુરક્ષા સેલના પ્રમુખ કમલેશ જોષીએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે જનતાની સુરક્ષાની જવાબદારી પોલીસની છે તેથી આ રેલીને પુરતો પોલીસ બંદોબસ્ત પુરો પાડવામાં આવે.

ફોરેન્સિક યુનિવર્સિટી ગુનાઓ અટકાવવા ૩૨ આફ્રિકન દેશોના અધિકારીઓને તાલીમ આપશે

દેશમાં પ્રથમવાર ફોરેન્સિક યુનિવર્સિટી ગાંધીનગર ખાતે ફોરેન્સિક સાયન્સ અવેરનેસ મીટ ફોર આફ્રીકન કન્ટ્રીઝ-૨૦૧૭ સેમીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટી ગુનાઓ અટકાવવા ૩૨ આફ્રિકન દેશોના અધિકારીઓને તાલીમ આપી સજ્જ કરશે. ફોરેન્સિક સાયન્સ અવેરનેસ મીટ ફોર આફ્રિકન કન્ટરીઝ અંગેના એક દિવસીય સેમિનારથી ફોરેન્સિક સાયન્સ અવેરનેસની સાથે સાથે આફ્રિકાના ૨૨ જેટલા દેશો સાથેના સાંસ્કૃતિક સંબંધો વલધુ મજબૂત બનશે, તેમ આજે ગાંધીનગર ખાતે યોજાયેલી સાયન્સ અવેરનેસ મીટમાં ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુર જણાવ્યુ હતુ.

ભારતના આફ્રિકન મિશનના ડીન એલેમતેહેય વોલ્ડમેરીયમે આ સેમિનારના આયોજન બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આજના આધુનિક યુગમાં ગુનાઓની પરિભાષા રોજ બદલાય છે તેને પહોંચી વળવા નવી ટેકનોલોજીના ઉપયોગની સાથે સંશોધન કરવું પણ જરૂરી છે. સામાજિક અને આર્થિક વિકાસમાં અડચણરૂપ એવા ગુનાઓને ઝડપથી ઉકેલવા ખૂબજ જરૂરી છે. સેમિનારથી આફ્રિકન દેશોને ગુનાઓ ઉકેલવા માટે નવી જ દિશા મળશે તેમ પણ એલેમે ઉમેર્યું હતું.

ગુજરાત ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના મહાનિયામક ડૉ. જે.એમ. વ્યાસે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે આ સેમિનારનો હેતુ એફએસયુના માધ્યમથી આફ્રિકન દેશોમાં ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે અવેરનેસ લાવવા માટેનો છે. દેશ અને દુનિયામાં છેલ્લા ઘણા સમયથી આધુનિક ઢબથી આચરવામાં આવતા ગુનાઓ ખૂબજ ચિંતાનો વિષય છે. આવા ગુનાઓ રોકવા અને તેની તપાસ માટે ફોરેન્સિક સાયન્સનું જ્ઞાન અનિવાર્ય છે. આજના સેમિનારથી આફ્રિકન દેશોમાં બનતા ગુન્હાઓને ઝડપથી ઉકેલવામાં નવી દિશા મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ યુનિવર્સિટી દ્વારા આફ્રિકન દેશોના પોલીસ અધિકારીઓ, જ્યુડીશ્યલ અધિકારીઓ, વિવિધ તપાસ એજન્સીઓના અધિકારીઓ તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓને ફોરેન્સિક સાયન્સની અભ્યાસ તેમજ તાલીમ આપવામાં આવશે. આજના આ સેમીનારમાં કુલ ૩૨ દેશના પ્રતિનિધિઓ ભાગ લીધો હતો.

આદીવાસી વિકાસ ગૌરવયાત્રા ખેડબ્રહ્મા આવી પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્મા તાલુકામાં આવી પહોંચેલી આદીવાસી વિકાસ ગૌરવ યાત્રાનું તાલુકાના નાકા ગામમાં ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત આ યાત્રાનું લક્ષીપુરા અને ગલોડીયામાં પણ સ્વાગત કરાયું હતું. આ યાત્રા ખેડબ્રહ્મા શહેરમાં પ્રવેશતા બસસ્ટેન્ડ પાસે આદીવાસી પરંપરા મુજબ ઢોલી અને જવારાથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.

ગત તા. ૭મી ફેબ્રુઆરીથી વલસાડ જિલ્લાના ઉનાઈથી અંબાજી સુધીની આદિવાસી વિકાસ ગૌરવયાત્રા અરવલ્લી જિલ્લામાં થઈ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર થઈ ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામમાં પ્રવેશી હતી. શનિવારે ખેડબ્રહ્માના રાઘુભાઈ કોમ્પલેક્ષમાં આ યાત્રા સભાના રૂપમાં ફેરવાઈ હતી. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. ભાજપ વિકાસની ગાડી પુરઝડપે ચલાવી રહ્યો છે ત્યારે કોંગ્રેસ બમ્પ બની અવરોધનું કામ કરી રહી છે. કોંગ્રેસ તમને ફક્ત મત સમજે છે. જ્યારે ભાજપ તમને મન સમજે છે. કોંગ્રેસ તમારી પાસે આવશે, પ્રલોભન-લાલચ આપશે પરંતુ તમે ચેતી જજો. વિકાસની ગાડી દોડી રહી છે ગાડીમાં ચડી જશો અને નહી ચડો તો રહી જશો. આ યાત્રામાં મંત્રીઓ ગણપત વસાવા, જસવંતસિંહ ભાભોર, વલ્લભભાઈ કાકડીયા, જિલ્લા પ્રમુખ જે.ડી. પટેલ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, રમીલાબેન બારા સુરેશભાઈ પટેલ, બ્રિજેશભાઈ અને અશોકભાઈ જોષી સહીત મોટી સંખ્યામાં આદીવાસી ભાઈઓ બહેનો અને કાર્યકરો જોડાયા હતા.

વિશ્વાસનો મત

● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે ધાંધલ ધમાલ સવારથી જ શરૂ થઈ ગઈ હતી. ગૃહમાં હોબાળો થયા બાદ કાર્યવાહી મોકુફ કરાયા પછી ફરી ત્રણ વાગે કાર્યવાહી શરૂ થઈ હતી. વિશ્વાસમત દરમિયાન ડીએમકેના ધારાસભ્યોએ સ્પીકર ઉપર પેપરો ફેંક્યા હતા. તમિલનાડુના ધારાસભ્યોને છ ભાગમાં વિભાજીત કરી દેવામાં આવ્યા હતા. ડિવિઝન ઓફ વોટીંગ મારફતે નિર્ણય લેવામાં આવ્યો હતો. ગૃહને છ બ્લોકમાં વિભાજીત કરીને સમગ્ર પ્રક્રિયા હાથ ધરાઈ હતી. વોટીંગ પહેલા ગૃહના તમામ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. કાર્યવાહી માટે જીવંત પ્રસારણની મંજુરી અપાઈ ન હતી. પત્રકારોને પણ પુરતી માહિતી આપવામાં આવી ન હતી. શક્તિ પરીક્ષણ બાદ તમિલનાડુના મુખ્યમંત્રીએ આકરી પ્રતિક્રિયા આપી હતી.

ત્રીજા તબક્કાનું મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે યોજવામાં આવનાર છે.આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી, બહુજન સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે મુખ્ય સ્પર્ધા જોવા મળનાર છે. વર્ષ ૨૦૧૨માં કન્નૌજમાં અખિલેશ યાદવના પત્નિ ડિમ્પલ યાદવ બિનહરિફ ચૂંટાઇ આવ્યા હતા. જ્યારે અખિલેશે જોરદાર સપાટો બોલાવ્યો હતો. આ વખતે પણ ચૂંટણી જોરદાર બનનાર છે. ઉત્તરપ્રદેશમાં પ્રથમ બે તબક્કામાં ઉંચુ મતદાન થયુ છે. આ ઉપરાંત ઉત્તરાખંડમાં પણ એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ અહીં ૬૮ ટકા મતદાન થયુ છે. બીજી બાજુ પંજાબ અને ગોવામાં એકમાત્ર તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ રેકોર્ડ મતદાન થયુ છે. ઉત્તરપ્રદેશમાં ચૂંટણી પ્રચાર દરમિયાન જુદા જુદા મુદ્દા ઉઠાવવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણી હવે મહત્વપૂર્ણ તબક્કામાં પહોંચી ગઈ છે. આવતીકાલે જે વિસ્તારમાં મતદાન યોજાનાર છે તેમાં ફરૂકાબાદ, હરદોઈ, કન્નોજ, મેનપુરી, ઈટાવા, કાનપુર દેહાત, કાનપુર, ઉનાવમાં લખનૌ, બારાબંકી અને સીતાપુરનો સમાવેશ થાય છે.

આવક ઘટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. તેની આવકમાં કરોડોનો ઘટાડો થયો છે. મંદિર દર્શન માટે જારી કરવામાં આવેલી ટિકિટમાં નજીવો વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. જેનાં પર વિચારણા કરવામાં આવી રહી છે. આના માટે રાજ્ય સરકાર દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. મંદિર દર્શન માટે ટિકિટના રેટ ૩૦૦ રૂપિયાથી લઈને પાંચ હજાર રૂપિયા સુધીના છે. આમાંથી મોટા ભાગના શ્રદ્ધાળુઓ દર્શન કરવા માટે ૩૦૦ રૂપિયાની ટિકિટ લેવાનુ પસંદ કરે છે. દરરોજ આશરે બે હજાર લોકો ૫૦૦ રૂપિયાની ટિકિટથી વીઆઈપી દર્શન કરે છે. ટ્રસ્ટ સાથે જોડાયેલા અધિકારીઓના કહેવા મુજબ નોટબંધીથી પહેલા તિરૂમાલા તિરૂપતી દેવસ્થાનમ ટ્રસ્ટને મળતી આવક પાંચ કરોડ રૂપિયા દરરોજની હતી. જેમાં બેંક ડિપોઝીટ પણ સામેલ છે.

કાયદાને મંજુરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાંચમી માર્ચના દિવસે ફરીવાર મળશે. જેમાં સેન્ટ્રલ જીએસટી માટે ખરડાને સમર્થન આપતા ડ્રાફ્ટને મંજુરી આપવામાં આવશે. બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત થાય તેના થોડાક દિવસ પહેલા આ બેઠક મળશે. કેન્દ્ર સરકારને આશા છે કે મંજુરી મળી જશે. સ્ટેટ જીએસટી કાયદાને મંજુરી મળી જશે. આજે યોજાયેલી બેઠક બાદ નાણામંત્રી અરૂણ જેટલીએ આ મુજબની વાત કરી હતી. કાયદાઓને મંજુરી મળી ગયા બાદ જીએસટી કાઉન્સીલ જુદી જુદી ચીજવસ્તુઓ અને સર્વિસ માટે ટેક્સના રેટ નક્કી કરશે. ચાર મંજુર કરવામાં આવેલા સ્લેબ મુજબ ગોઠવણી કરવામાં આવશે. આ ચાર સ્લેબ ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના મંજુર કરાયા છે.

મહાગઠબંધનમાં મતભેદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અંદર તિરાડની સ્થિતિ જોવા મળી રહી છે. બિહાર પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અને પ્રદેશના શિક્ષણ મંત્રી અશોક ચૌધરીએ હાઈકમાન્ડના આદેશ ઉપર સ્નાતક ક્ષેત્ર અને ગયા શિક્ષણ ક્ષેત્રમાંથી બે ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. ગયા સ્નાતક ક્ષેત્રમાંથી કોંગ્રેસના અજયસિંહને અને ગયા શિક્ષણ ક્ષેત્રમાંથી પૂર્વ ધારાસભ્ય હૃદયનારાયણ સિંહ ચૂંટણી મેદાનમાં છે. વર્ષ ૧૯૯૯થી ૨૦૦૫ સુધી કોંગ્રેસથી બિહાર વિધાન પરિષદ સભ્ય રહી ચુકેલા અજયસિંહ ઉપરાંત આરજેડીના ઉમેદવાર પુનિતસિંહની સાથે એનડીએ ઉમેદવાર અને ગૃહના અધ્યક્ષ અવધેશ નારાયણસિંહ જે ત્રીજી વખત ચૂંટાઈ આવે તેવી શક્યતા છે. તેમની વચ્ચે ટક્કર રહેશે. મહાગઠબંધનમાં સામેલ અન્ય બે પક્ષો જેડીયુ અને આરજેડીએ આ બંને બેઠકોમાંથી એક એક બેઠક પારસ્પરીક રીતે વહેંચી લીધી છે. જેને લઈને કોંગ્રેસે નારાજગી વ્યક્ત કરી હતી.

વિધાનસભાના દ્વારેથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સદસ્યો માટે ચોથા માળે આવેલ મહિલા લૉંજ ખસેડીને બીજા માળે લાવવામાં આવી છે. અધ્યક્ષ અને વિધાનસભાના મુખ્ય દંડકની કચેરી આ વચ્ચે આ મહિલા લોંજ બનાવવામાં આવી છે. બાજુમાં વિધાનસભાના સાર્જન્ટની કચેરી રાખવામાં આવી છે. વિધાનસભા સંકુલમાં રિનોવેશનને લઈ આગામી દિવસોમાં વધુ ફેરફાર કરવામાં આવનાર હોવાનું વિધાનસત્રાના સૂત્રોએ જણાવ્યું છે.

સત્ર દરમિયાન તમામ પાસ નીચેથી ઉપલબ્ધ થશે

વિધાનસભા ગૃહની મુલાકાતે આવતા સૌ મુલાકાતીઓ માટે પ્રેક્ષક દીર્ઘા, અતિથી દીર્ઘા સહિતના પાસ માટે હવે નીચે ભોંયતળિયે જ ખાસ વ્યવસ્થા ઉભી કરી આપવામાં આવશે. આ ઉપરાંત ગૃહમાં મોબાઈલ કે અન્ય પર્સ લઈ જવાની મનાઈ હોવાથી ક્લોક રૂમ પણ ભોંયતળિયે બનાવવામાં આવી રહેલ છે.

જાહેર માર્ગો પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાલતમાં છે. કોર્મશિયલ પ્રવૃતિને વેગ આપવા માટે પોતાના કામ ધંધાના પ્રચાર પ્રસાર અર્થે આડેધડ હોર્ડીંગ્સ ખડકી દેવાયા છે. જેમાં નગરના મુખ્ય માર્ગો અને સર્કલો આસપાસની જગ્યામાં બેનર્સ અને હાર્ડીંગ્સની ભરમારથી નગરના મુખ્ય માર્ગો આસપાસનુ દ્રશ્ય બદલાયુ છે. વાઈબ્રન્ટ વેળાએ બ્યુટિફિકેશનના નામે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ નગરને સ્વચ્છ અને સુંદર બનાવવાની આ યોજના બાદ હાલ બ્યિટિફિકેશનનો મામલો ચિથરેહાલ જોવા મળે છે. શહેરમા સ્ટ્રીટલાઈટના પોલ્સને પણ પેમ્ફલેટ ચિપકાવી દેવાયા છે. જયારે વૃક્ષો,સર્કલો,સેન્ટ્રલ વર્જ અને માર્ગોની આસપાસ પણ કોર્મશિયલ જાહેરખબરના પાટીયા લટકતા જોવા મળે છે. નગરના મુખ્ય માર્ગોને જાહેરાતનુ માધ્યમ બનાવી દેવાયુ છે. બિન્દાસ્ત પણે વગર મંજુરીએ બોર્ડસ અને હોર્ડીંગ્સ ચિપકાવી દેવાતા રાહદારીઓ માટે પણ ઘણીવાર આ પ્રકારની હરકત હેરાનગતિનુ કારણ બને છે. આમછતા તંત્ર દ્વારા આ બાબતે કોઈ ગંભીર નોંધ લેવાતી નથી. નિયમોની ઐસી તૈસી કરીને નગરની સુંદરતાને ઠેસ પહોંચાડતી આ હરકત સામે તંત્રકક્ષાએથી દંડનીય કાર્યવાહી કરવા આમ નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. તુટેલા હાર્ડીંગ્સ પણ દુર ન કરાતા રાહદારીઓ માટે અડચણ ઉભી થવા પામી છે. તંત્ર દ્વારા આ મામલે યોગ્ય સર્વે હાથ ધરી આગળ કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા વર્તાય છે.

રઝળપાટ

● ૪ પાનાનું ચાલુ...

આંતરિક આંતરિક બહુ થયું પણ આ અંતરીક સુંદરતા એટલે શું ? હાવ ટુ એચીવ ??? ઓકે...હિયર ઈઝ સમ સિમ્પલ ટીપ્સ...! જસ્ટ બી યોર સેલ્ફ — કોઈની નકલ કરવા કરતા તમે જેવા છો એવા જ રહો, પોતાને બદલવાની જરૂર નથી. શક્લથી ખુબસુરત માણસ દિલથી પણ અચ્છો જ હોય એ જરૂરી નથી એટલે અંદરથી ગુણવાન અને પ્રતિભાવાન બનવાની કોશિશ કરતા રહો, આત્માની ખુબસુરતી ઓટોમેટીક ચહેરા પર અજવાળું ફેલાવશે જ. જેના પેટમાં પાપ કે કપટ છુપાયેલું હશે એ ઈન્સાન ચાહે કેટલો ભી સુંદર હશે તો પણ લાગશે નહિ.ચારિત્રવાન હશો તો આપોઆપ ખુબસુરત લાગશો — અરે લાગશો નહિ તો પણ સામેવાળાને ફિલ થશો જ. દિમાગ હશે તો બ્યુટી નહિ હોય તોય ચાલશે. કેટલી બધી વાર નીગ્રો યુવતીઓ મિસ વર્લ્ડનો ખિતાબ જીતી જ છે, બીકોઝ બ્યુટી હોય કે ના હોય પણ બ્રેઈન હતું જ. બુદ્ધિમતા એ સુંદરતાનું બીજું પ્રતિક જ છે. બાકી તો રોટી ફિલ્મનું આ ગીત સમજદાર કો ઈશારા કાફી જેવું છે....' ગોરે રંગ પે ના ઈતના ગુમાન કર, ગોરા રંગ તો એક દિન ઢલ જાયેગા....!

આ પણ વાંચીએ...

દાવો ખોટો પડતા પત્રકારે પોતાનું જ અખબાર ચાવી ખાધુ

સમજા વિચાર્યા વિના તમે જો કોઈ દાવો કરતાં હોવ તો જરા ચેતી જાવ. બેલારુસના એક પત્રકારે કરેલો દાવો ખોટો પડતા તેણે પોતાનુ અખબાર ખાવુ પડ્યુ હતુ. આ પત્રકારે દાવો કર્યો હતો કે અહીંની સ્થાનિક ડાયનમો મિસ્કની આઈસ હોકી ટીમ પ્લે ઓફમાં નહી પહોંચે. બેલારુસના જાણીતા રમતગમતના અખબાર પ્રેસબોલના સંપાદક અને પત્રકાર ફેડોરેનકોવે સાથે જ એવુ પણ કહ્યુ હતુ કે જો તેમનો દાવો ખોટો પડશે તો તેઓ પોતાના શબ્દોને ચાવી ખાશે. પરંતુ ડાયનેમો મિસ્કની ટીમ સારુ રમ્યા બાદ પ્લે ઓફમાં પહોંચી હતી. પત્રકારનો દાવો ખોટો પડતા તેમણે કેમેરાની સામે પોતાના અખબારના પાનાનો સુપ બનાવી ખાવા પડ્યા હતા.

જાપાનના ક્યોટોની જેમ વારાસણી બનશે સ્માર્ટ

બનારસ, કાશી, વારાસણી જેવા નામોથી ઓળખાતુ દેશનુ પ્રાચીનત્તમ શહેર હવે સ્માર્ટસીટી બની આધુનિકતામાં ડગ માંડશે. જાપાને વારાસણીને સ્માર્ટસીટી બનાવવામાં મદદ કરવાની દરખાસ્ત કરી છે. જાપાનના ક્યોટોની જેમ વારાસણીને સ્માર્ટસીટી બનાવવામાં આવશે. વિવિધ માળખાકીય સુવિધાઓમાં વધારાની સાથે સાથે અહીંના પ્રવાસન સ્થળોનો વિકાસ કરી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી વારાસણીને સ્માર્ટસીટી બનાવવામાં આવશે.

છાતીમાં નહી પેટમાં ધડકે છે આ છોકરીનું હૃદય



આપણે બધાં જ જાણીએ છીએ કે હૃદય છાતીમાં ધડકે છે અને તેની ધડકનોનો આપણને અહેસાસ થાય છે. પરંતુ રશિયાની સાત વર્ષિય બાળકી વિરસાવ્યાનું હૃદય પેટમાં ધડકે છે. એક જન્મજાત બીમારીના કારણે તેનું હૃદય છાતીમાં નહી પરંતુ પેટમાં વિકસ્યુ છે. પેટની અત્યંત પાતળી ત્વચાના કારણે તેના હૃદયને ધડકતો આપણે જોઈ શકીએ છીએ.

જીંદગીમાં એક જ વાર ન્હાય છે હિમ્બા ટ્રાઈબની મહિલાઓ

ઉનાળો શરૂ થશે એટલે આપણે દિવસમાં ત્રણ વાર ન્હાવાનો આનંદ લઈશુ પરંતુ દુનિયામાં એવા ઘણા આદિજાતિ સમુદાયો છે જેમાં ન્હાયા વગરની મહિલાઓ સુંદર ગણાય છે. આફ્રિકાના નામીબિયાના કુનોન પ્રાંતમાં હિમ્બા ટ્રાઈબ રહે છે. જેની મહિલાઓને નાહવાની સખત મનાઈ છે. અહીંની મહિલાઓ માત્ર લગ્ન વખતે જ સ્થાન કરે છે. સ્નાનના વિકલ્પરૂપે તેઓ ખાસ વનસ્પતિને ઉકાળીને તેના ધૂમાડાથી શરીરને ફ્રેશ કરે છે.

હિટલરના ફોનની હરાજી

ખુબજ વિવાદાસ્પદ સરમુખત્યાર નેતા હિટલરના ટેલીફોનની હરાજી થઈ રહી છે. કહેવાય છે કે આ ફોન દ્વારા હિટલરે બીજા વિશ્વ યુદ્ધ દરમ્યાન હજારો લોકોની હત્યા કરવાનો આદેશ આપ્યો હતો. હિટલરના આ ફોનની હરાજીની રકમ ૩ લાખ ડોલર સુધી પહોંચવાનું અનુમાન છે.